
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જોં બધાની સાથે ઓળખાણ રાખજે પછી જ સ્કુટી લઇ બહાર જવાનું...આ છાપામાં રોજ આવે છે. કે અજાણ્યા વાહન ચાલકો એક્સીડેન્ટ કરી જતા રહે છે...!!

# ભાઈજીપુરામાંથી જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના ભાઈજીપુરા મેલડી માતાજીના મંદિર નજીક ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ૫ શખ્સોને ઈન્ફોસીટી પોલીસે રૂ.૨૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમય દરમિયાન ભાઈજીપુરા પાટીયા પાસે આવતા કોન્સ્ટેબલ શેખર અશોકભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે ભાઈજીપુરા ગામમાં મેલડી માતાના મંદિર પાસે ખેતરમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડીને કુંડાળુ વળીને જુગાર રમી રહેલા જુગારીઓને પકડી પાડ્યા હતા.પોલીસે જુગારીઓના નામ પુછતા કોબા ગામના ગણેશજી સાલુજી ઠાકોર, કુડાસણ ગામના વનરાજ કુંવરજી ઠાકોર, કુડાસણના ભરત બળદેવભાઈ પટેલ, ભાઈજીપુરાના કાળાજી સબાજી ઠાકોર, મંગળદાસ ચતુરજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૪૩૦૦ અને અંગજડતી દરમિયાન રૂ.૧૧,૪૦૦ તેમજ બે મોબાઈલ ફોન કિં.૬,૦૦૦ મળી કુલ રૂ.૨૧,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### પુન્દ્રાસણમાંથી ૨ શકુની પકડાયા

પેથાપુર પોલીસે બાતમીને પગલે પુન્દ્રાસણ ગામની સીમમાં કેનાલ પાસે ખુલ્લા ખરાબામાં જુગાર રમી રહેલા પુન્દ્રાસણ ગામના અંદાજીનો વાસ ખાતે રહેતા ૫૦ વર્ષિય સેંધાજી બાલાજી ઠાકોર અને પુન્દ્રાસણના ૨૩ વર્ષિય અરવિંદ દિનાજી ઠાકોરને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન મળી કુલ રૂ.૧૦,૦૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આખો દિવસ રાજકીય ગતિવિધિઓ વાળો રહ્યો હતો.

● ગુજરાતા વિધાનસભામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન કરવા કોંગ્રેસના મોહનસિંહ રાઠવા વ્હીલચેરમાં ગયા હતા.

● ગુજરાત વિધાનસભા ખાતે ભાજપ-કોંગ્રેસના સભ્યો એકબીજાને મળી વરસાદના વાવડ અને હસી-મજાક કરતા જોવા મળ્યા હતા.

● કોંગ્રેસના ધારાસભ્યોએ આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળી દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદથી થયેલ નુકશાનને લઈ ખાસ રાહત પેકેજ જાહેર કરવા આવેદનપત્ર આપી રજુઆત કરી છે.

● ગાંધીનગર શહેરમાં આજે થોડોક ઉઘાડ નીકળતાં લોકોએ રાહત અનુભવી હતી.

● માણસા તાલુકાની પારસા ગામની પ્રા. શાળાનો આજે ૧૧૬મો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

● મલ્ટીપરપઝ હેલ્થ વર્કર સહિતની વિવિધ ભરતીઓને લઈ આજે એક વિડીયો કોન્ફરન્સ નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીઓને સાથે રાખી કરવામાં આવી હતી.

● વિધાનસભા સંકુલમાં રાષ્ટ્રપતિની ચૂંટણી હોવાથી દરવાજા પર મેડીકલની ટીમ દ્વારા સ્ક્રીનીંગ, માસ્ક તેમજ હાથ સેનેટાઈઝ કરવા માટે ટીમ તૈનાત કરાઈ હતી.

● જાપાન એમ્બેસીમાં પ્રતિ નિયુક્તી પર ફરજો બજાવતા સુશ્રી મોના ખંધાર સપ્ટેમ્બરમાં ગુજરાત પરત ફરશે તેમ મનાઈ રહ્યુ છે.

● ગુજરાતમાં સનદી અધિકારીઓ કે આઈ.પી.એસ. અધિકારીઓની બદલીમાં કોનો પહેલો ગંજીફો ચીપાશે તેને લઈ સચિવાલયમાં ચર્ચાઓ શરૂ થઈ છે.

# વડોદરા પ્રાથમિક શાળાની ૧૪૫ મો સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામની પ્રાથમિક શાળાનો ૧૪૫મો સ્થાપના દિવસ ઉમળકાભેર ઉજવાયો. આ પ્રસંગે વડોદરા ગામના સરપંચ તેમજ પંચાયતના અને વાલીમંડળના તમામ સભ્યો અને આરોગ્ય સમિતિના ચેરમેન તેમજ જિલ્લાના પૂર્વ સદસ્ય, જિલ્લાના પૂર્વ પ્રમુખ તેમજ ગામના વરિષ્ઠ નાગરિકો પણ હાજર રહ્યા. શાળાના આચાર્યએ શાળા પરિવાર વતી મહાનુભાવોનું તમામનું સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ આ શાળાના પૂર્વ નિવૃત્ત થયેલા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યુ. ખૂબ સુંદર વાતાવરણમાં શાળાનો ૧૪૫મો જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવારના આચાર્યબેને તેમજ શિક્ષક ભાઈ-બહેનોએ ખુબજ સારી જહેમત ઉઠાવી કાર્યક્રમને દિપાવ્યો હતો.

# લ્યો,બોલો વાત કરતાં કરતાં યુવાનના હાથમાંથી મોબાઈલ લઈ ચોર ભાગી છુટ્યો

ગાંધીનગર, તા.૧૮

પાટનગરમાં હવે મોંઘાદાટ મોબાઈલ પણ સલામત રહ્યા નથી. શહેરના ઈન્ફોસીટી થી રીલાયન્સ સર્કલ તરફ ચાલીને જઈ રહેલો યુવક વીડીયો કોંલીગમાં વાત કરી રહ્યો હતો, તે સમયે યુવકનો આઈફોન ઝુંટવી બાઈક પર શખ્સો ફરાર થઈ ગયા હતા. શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી, ત્યારે હવે શહેરમાં મોબાઈલ પર વાત કરતા સમયે પણ ધ્યાન રાખવુ પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર ઈન્ફોસીટી હોસ્ટેલમાં છેલ્લા છ માસથી રહેતો મુળ કચ્છનો મહેશ દાનાભાઈ પરમાર ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. ત્યારે ગત તા.૧૬ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં ઈન્ફોસીટી હોસ્ટેલથી જમીને રીલાયન્સ સર્કલ તરફ ચાલીને જઈ રહ્યો હતો. તે સમયે મહેશ ચાલતા ચાલતા વિડીયો કોલીંગ પર વાત કરી રહ્યો હતો. રીલાયન્સ સર્કલ પાસે પહોંચતા બાઈક પર આવેલા ત્રણ સવારી શખ્સો પૈકી એક શખ્સે મહેશના હાથમાંથી આઈફોન એકસઆર ઝુંટવી શાહપુર તરફ જતા રહ્યા હતા. મહેશ મોબાઈલ લઈ જતા પાછળ દોડીને બુમો પાડી દોટ મુકી હતી. પરંતુ રાત્રીના સમયે શખ્સો બાઈક લઈને નાસી છુટ્યા હતા. ત્યારે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# સેકટર-૧૪માંથી ચોરી થયેલી ઈકો કાર વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પરથી મળી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે ઘર આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઈકો કારની ચોરી થઈ છે.

પોલીસ મથકે રૂ.૧.૫૦ લાખની ઈકો કારની ચોરી થતા ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ત્યારે પોલીસે વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પરથી ચોરી થયેલી ઈકો ગાડી બિનવારસી હાલતમાં મળી આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં સેકટર-૧૪ માંથી ચોરી થયેલ ઈકો કાર શોધી કાઢી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ શિવશકિત સોસાયટી પ્લોટ નં. ૨૩૩-૨ ખાતે રહેતા યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી તેમના મિત્ર તારેશભાઈની સફેદ કલરની ઈકો કાર નં.જી.જે.૧૮.બી.ડી.-૫૯૩૩ યોગેન્દ્રસિંહ કામ અર્થે જઈ આવી મકાન સામે ખાલી પ્લોટમાં ગાડી પાર્ક કરી હતી.

ત્યારપછી સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર ગાડી દેખાઈ ન હતી. જેથી ઈકો અંગે પોતાના મિત્રને ફોન કરી પુછપરછ કરી હતી. ત્યારબાદ સેકટરમાં તપાસ કરી હતી.

પરંતુ કોઈ માહિતી ઈકો કાર અંગે મળી ન હતી. સેકટર-૧૪ માંથી વર્ષ ૨૦૧૫ મોડલની અંદાજીત રૂ.૧.૫૦ લાખની કિમતની ગાડી ચોરાઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ઈન્વે. ટીમના ઈન્ચાર્જ પીએસઆઈ જે.ડી.રાઠોડ, એએસઆઈ દિલિપસિંહ મહોતજી અને કોન્સ્ટેબલ અનિલસિંહ ચોરીનો ગુનો શોધી કાઢવા માટે તપાસમાં હતા. તે સમયે બાતમીદારોથી કોન્સ્ટેબલ અનિલસિંહને ચોક્કસ હકીકત મળી કે ગાડી વાવોલ થી પુન્દ્રાસણ જતા રોડ ઉપર જોવા મળી છે. જેથી પોલીસે તે દિશામાં તપાસ કરતા ઈકો કાર નં. જી.જે. ૧૮બી.ડી.-૫૯૩૩ બિનવારસી હાલતમાં મળી આવી હતી. પોલીસે ચોરીમાં ગયેલી ઈકો ગાડી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



સેક્ટર-૧૬ સોમનાથ મંદિરનો રોડ વરસાદમાં ધોવાઈ ગયો છે. માર્ગ પરથી કપચી અને ડામર ઉખડી જતાં વાહનચાલકોને ખુબજ હાલાકી પડી રહી છે. તાત્કાલિક રોડનું રીપેરીંગ કામ કરવુ આવશ્યક છે.

# એસ. કે.પટેલ કેજી. ઇંગ્લિસ મીડિયમ સ્કૂલમાં પેપર પ્લેટ એક્ટિવિટી યોજાઇ




ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલાય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ કેજી. ઈંગ્લિસ મીડિયમ સ્કૂલમાં પેપર પ્લેટ એક્ટિવિટી કરવામાં આવી. જેમાં નાના નાના ભૂલકાં ઓએ ન્યુઝ પેપર પર માંથી પ્લેન, બોટ,ફેવ બનાવીને બાળકોએ અદભૂત આનંદ પ્રાપ્ત કર્યો.



શ્રાવણ મહિનો શરૂ થાય તે પહેલા જ ધાર્મિક માહોલ સર્જાયો છે. મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે. દેવ દર્શને આવતા ભાવિકોનો ધસારો પણ વધ્યો છે. પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતે ફૂલોના હિંડોળાનું આયોજન કરાયુ હતુ. ભાવિકોએ મોટી સંખ્યામાં ફૂલોના હિંડોળાના દર્શનનો લ્હાવો લીધો હતો.

# ખોરજ-નભોઈ કેનાલમાંથી બે મૃતદેહ મળી આવ્યા





ગાંધીનગર, તા.૧૮


ગાંધીનગર ફાયરબિગ્રેડને નભોઈ કેનાલમાં મૃતદેહ તરતો હોવાનો કોલ મળ્યો હતો.જેને પગલે ફાયર ટીમ તાત્કાલીક પહોંચી ગઈ હતી અને અમદાવાદની ૨૪ વર્ષિય યુવતિનો મૃતદેહ બહાર નીકાળ્યો હતો. જયારે અડાલજ પોલીસને જાણ થતા ઘટના સ્થળે આવી પહોંચી હતી. જયાં યુવતિના પરિવારજનો પણ હાજર હતા.જયારે બીજા બનાવમાં ફાયર ટીમના જવાનોએ ખોરજ નર્મદા કેનાલ પરથી મૃતદેહ બહાર નીકાળ્યો હતો. ત્યારે આજે ફાયર ટીમના જવાનો અલગ અલગ કેનાલમાંથી બે મૃતદેહ બહાર નીકાળ્યા હતા. જયારે અડાલજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દશેલા ગામના ખેતરમાંથી ૩૦ મીટર કેબલની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના દશેલા ગામની સીમમાં ગીયોડ રોડ ઉપર આવેલા ખેતરમાં બોરકુવાની ઓરડી પરથી બપોરના સુમારે ૩૦ મીટર કેબલની ચોરી થવા પામી છે. રૂ.૩ હજારના ૩૦ મીટર કેબલની ચોરી થતા ખેડુતે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના દશેલા ગામે પટેલવાસમાં રહેતા કુલદીપ બાબુભાઈ ચૌધરીની જમીન ગીયોડ રોડ ઉપર આવેલી છે. ગત તા.૧૬ જુલાઈના રોજ કુલદીપ ચૌધરી ખેતરમાં બોરકુવા પરથી બપોરના ત્રણ વાગે ઘરે આવ્યા હતા.ત્યારબાદ બીજા દિવસે સાંજના ૫ વાગે બોરકુવા જઈને જોયુ તો ઓરડી થી બોરકુવા સુધી કોઈએ ખાડા જેવુ હતું. જેથી કુલદીપભાઈએ તપાસ કરતા બોરકુવાનો કેબલ જણાયો ન હતો. ચોર શખ્સે ૩૦ મીટર કેબલ વાયર કાપી ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે રૂ.૩ હજારના ૧૦ એમએમના ૩૦ મીટર કેબલ ચોરી ફરીયાદ નોંધાતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.



અષાઢ મહિનાનો કૃષ્ણ પક્ષ ચાલી રહ્યો છે જેમાં મંદિરોમાં ભગવાનને હિંડોળે ઝુલાવવાનો હિંડોળા ઉત્સવ ઉજવાય છે. હિંડોળા ઉત્સવ શ્રદ્ધા સાથે સર્જનાત્મકતા અને શણગાર થકી સમજણ કેળવવાનો ઉત્સવ છે જે અંતર્ગત ગાંધીનગરના સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે પેન્સિલ અને રબરથી કલાત્મક હિંડોળા સજાવામાં આવ્યાં હતા.

# મહાનગરપાલિકાની ટીમ દ્વારા સેક્ટર-૨૧માં વિવિધ સ્થળો પર દબાણ હટાવાયા






ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી નિયમિત કરવામાં આવી રહી છે. જે અંતર્ગત દબાણ શાખાની ટીમ દ્વારા શનિવારના રોજ સેક્ટર-૨૧ ખાતે આવેલા ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરના ફરતે કરવામાં આવેલા દબાણ દુર કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્યત્વે ડિસ્ટ્રિક્ટ શોપિંગના પાર્કિંગમાં કરવામાં આવેલા દબાણો દુર કરવામાં આવ્યા હતા. જેમાં મેટાડોર વાહન ઊભુ રાખીને રેડીમેડ કપડાની ફેરી ચલાવતા ફેરિયાઓ દ્વારા કરવામાં આવેલ દબાણ હટાવવામાં આવ્યું હતું તથા તેમના ચાર વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. દબાણ શાખાની ટીમ દ્વારા પોસ્ટ ઓફીસ પાસે પાણીપુરીની લારીઓનું દબાણ દુર કરવામાં આવ્યું હતું. તેમજ શાકમાર્કેટ પાછળના ભાગમા શાકભાજીની બે લારીઓ અને કટલરીના ટેબલ હટાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચર્ચ સામેના દબાણો તથા બેંક ઓફ બરોડાથી માઉન્ટ કાર્મેલ સ્કુલ સુધીના દબાણો દુર કરવામાં આવ્યા હતા. ભવિષ્યમાં ફરી આ જગ્યા પર દબાણ ન થાય તે માટે કડક સૂચના પણ આપવામાં આવી હતી.

# લીંમ્બડીયા મધુવન નર્સરીના માલિકે ગ્રાહકને ગડદાપાટુનો માર માર્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના લીંમ્બડીયા પાસો મધુવન નર્સરીમાંથી અમદાવાદના રહીશે વેલ કોરો પાડવની ખરીદી કરી હતી.

ત્યારબાદ નર્સરી ખાતે વેલ કોરો પાડવ પરત આપવા જતા નર્સરી માલિકે બીલની માંગણી કરી હતી. જેથી અમદાવાદના નાગરીકે બીલ વોટસએપમાં દેખાડ્યું હતું.

જેથી નર્સરી માલિક આ નહી ચાલે તેવુ કહી પરત વસ્તુ આપવા માટે આવેલ અમદાવાદના નાગરીકને ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ કપીરાજ ભગાડવાની બંદુક બતાવી અને ઝાડ કાપવાની કાતર દેખાડી પેટમાં મારી હત્યા કરી નાંખવાની ધમકી આપતા ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ કુબેરનગર ખાતે રહેતા કમલ ખુબચંદ થાવાણીની કાલુપુર ખાતે કાપડની દુકાન આવેલી છે.

ગત તા.૧૭ ના રોજ કમલભાઈ તેમજ તેમનો દિકરો મયુરેસ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં લીંમ્બડીયા મધુવન નર્સરી ખાતે ગયા હતા અને વેલ કોરો પાડવની ખરીદી કરી હતી.ત્યારબાદ તે પરત આપવા જતા નર્સરીના માલિકે બીલની માંગ કરી હતી.

જેથી ગ્રાહકે બીલ વોટ્સએપમાં દેખાડ્યું હતું. તેમ છતા નર્સરીના માલિકે બીલ વિના માલ બદલવામાં આવશે નહી તેમ કહી ગ્રાહકને ગાળો બોલવા લાગ્યા હતા.

નર્સરીમાંથી બહાર નીકળી જાવ, તારા જેવા તો અહી કેટલાય આવે છે તેમ કહી ગાળો બોલવા લાગ્યા હતા.

જેથી ગ્રાહકે વિનંતિ કરી કે કાકા તમે વડીલ છો, આવુ કેમ વર્તન કરો છો. તેમ છતા તે ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી ગ્રાહકને ગડદાપાટુનો માર માર્યો હતો.

ત્યારબાદ કપીરાજ ભગાડવાની બંદુક બતાવી અને કાતર દેખાડી કહેવા લાગ્યા કે આ કાતર હમણા તારા પેટમાં મારી મર્ડર કરી દઈશ તેવી ધમકી આપી હડસેલીને બહાર કાઢી મુકી માર મારી અશોભનીય વર્તન કરતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.